(૪) ફ્રેન્ચ : ઈ.સ. ૧૬૭૦માં ફ્રેન્ચ લોકો ભારત આવ્યા.

---

➜ ઈ.સ. ૧૬૦૦માં ઈંગ્લેન્ડમાં બ્રિટીશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીની સ્થાપના થઈ રાણી એલીઝાબેથ-૧ના સમયમાં.

➜ ઈ.સ. ૧૬૦૮માં હેકટર નામના જહાજમાં અંગ્રેજ અધિકારી સર 'હોકિન્સન' સુરત બંદરે ઉતર્યો તેણે જહાંગીર પાસે સુરતમાં વેપારી મથક સ્થાપવા પરવાનગી માંગી. પરંતુ જહાંગીરના દરબારમાં રહેલ ફિરંગી પ્રતિનિધિઓએ વિરોધ કરતાં જહાંગીરે પરવાનગી આપી નહિ, પરંતુ નિરાશ થયા વિના અંગ્રેજોએ પ્રયત્ન ચાલુ રાખ્યા.

➜ ઈ.સ. ૧૬૧૩માં આ કંપનીનું એક દળ ભારત આવ્યું, આ દળના એક પ્રતિનિધિ 'સર ટોમસ રો' એ તેને પરવાનગી મળી ગઈ.

➜ ઈ.સ. ૧૬૧૩માં સુરત અને ૧૬૧૬માં ભરૂચ ખાતે વેપારની કોઠીઓ સ્થાપી.

➜ મુખ્ય વ્યાપાર કાસિમ બજાર (બંગાળમાં)

➜ અંગ્રેજોએ દક્ષિણમાં પોતાનું પ્રથમ વેપારી મથક દક્ષિણ પૂર્વે - સમુદ્રતટ પર માછલીપટ્ટનમાં સ્થાપિત કર્યું.

➜ ઈ.સ. ૧૬૯૮માં અંગ્રેજોએ ફોર્ટ વિલિયમ (કોલકત્તા) ની સ્થાપના કરી તેના સ્થાપક 'જોબ ચારનેક' હતા.

➜ પ્લાસીનું યુદ્ધ : ૧૭૫૭માં ૨૩ જૂનના દિવસે સિરાજ-ઉદ્-દૌલા વર્સીસ રોબર્ટ કલાઈવ.

રોબર્ટ કલાઈવની જીત થાય છે.

➜ મીરઝફરને બંગાળનો નવાબ બનાવવામાં આવ્યો.

➜ બકસરનું યુદ્ધ : ૧૭૬૪, મીરકાસીમ, શાહ આલમ અને અવધ નવાબ સુજા ઉદ્ દૌલા વર્સીસ અંગ્રેજો (હેકટર મૂનરો) અંગ્રેજોની જીત થઈ.

➜ ભારતમાં સૌ પ્રથમ બંગાળમાં ગવર્નર બનનાર અંગ્રેજ રોબર્ટ કલાઈવ.

**૧. વોરન હેસ્ટિંગ (૧૭૬૪ - ૧૭૮૫)**

➔ રોબર્ટ કલાઈવ શરૂ કરેલી 'દ્વિમુખી શાસન પદ્ધતિ' બંધ કરાવી.
➔ દીવાની અને ફોજદારી અદાલતો બનાવી.
➔ ભારતની પ્રથમ હાઈકોર્ટ બંગાળના કલકત્તામાં ૧૭૭૨માં શરૂ થઈ.
➔ બીજો મૈસૂર વિગ્રહ હૈદર અલીનું મૃત્યુ (૧૭૮૦)
➔ ભારતનો પ્રથમ ગવર્નર જનરલ.
➔ ૧૭૭૩માં રેગ્યુલેટિંગ એક્ટ (નિયામક ધારો) અમલમાં આવ્યો.

**૨. લોર્ડ કોર્નવોલિસ (૧૭૮૫ - ૧૭૯૩)**

➔ બંગાળમાં કાયમી જમાબંધી શરૂ કરાવી.
➔ કાયમી ધોરણે જમીન માલિકીનો હક આપ્યો.
➔ કાયદાનું પુસ્તક 'કોર્નવોલિસ કોર્ડ' તૈયાર કરાવ્યું.
➔ પોલીસના પગાર ધોરણ અને તેમને કાયમી કરવાની શરુઆત.
➔ કલેકટર અને જિલ્લા રજીસ્ટ્રારના પદ શરૂ કરાવ્યા.
➔ ત્રીજો મૈસૂર વિગ્રહ અંગ્રેજો અને ટીપુ સુલતાન વચ્ચેની રંગપટ્ટનમ્‌ની સંધિ થઈ (૧૭૯૦-૧૮૦૫)

**૩. લોર્ડ વેલેસ્લી (૧૭૯૮ - ૧૮૦૫)**

➔ સહાયકારી યોજનાનો જનક.
➔ ચોથો મૈસૂર વિગ્રહ (૧૯૭૭) ટીપુ સુલતાનની હત્યા.

**૪. લોર્ડ હેસ્ટિંગ્સ (૧૮૧૩ - ૧૮૨૩)**

➔ ઈ.સ. ૧૮૧૬માં નેપાલ પર જીત મેળવી.
➔ ત્રીજા મરાઠા વિગ્રહમાં (૧૮૧૮) મરાઠાઓની હાર થઈ પરિણામે અંગ્રેજોનું શાસન વધુ મજબૂત બન્યું.
➔ દેશમાં પિંઢારાઓનો (૧૮૧૮માં) નાશ કરી દેશમાં શાંતિ અને સલામતી સ્થાપી.

**૫. લોર્ડ વિલિયમ બેન્ટીક (૧૮૨૮ - ૧૮૩૫)**

➔ ભારતનો પ્રથમ સુધારાવાદી ગવર્નર જનરલ.
➔ ઈ.સ. ૧૮૨૯માં રાજારામ મોહનરાયની મદદથી સતીપ્રથા તેમજ બાળકીને દૂધ પીતી કરવાનો રિવાજ નાબૂદ કર્યો.
➔ માનવબલીની પ્રથા પર પ્રતિબંધ મૂક્યો.
➔ ગુલામી પ્રથા નાબૂદ કરાવી.
➔ હિંદીઓને ઊંચા હોદ્દાઓ પર નિમણૂંક આપી.

**૬. લોર્ડ ડેલહાઉસી (૧૮૪૮ - ૧૮૫૬)**

➔ ખાલસાનીતિ અમલમાં મુકી.
➔ સર્વપ્રથમ સતારા ૧૮૪૮માં ખાલસા કર્યું.
➔ ૧૮૫૩માં મુંબઈ અને થાણા વચ્ચે પ્રથમ રેલવે સેવા શરૂ.
➔ તાર અને ટપાલસેવા (૧૮૫૩) સૌપ્રથમ તાર કોલકત્તા અને આગ્રા વચ્ચે.

**૭. લોર્ડ મેકોલ**

➔ ભારતમાં અંગ્રેજી શિક્ષણ શરૂ કરાવ્યું.

અનામિકા

● **૧૮૫૭નો વિપ્લવ**

→ ભારતનો પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ

→ વિપ્લવની શરૂઆત મેરઠમાં બરાકપુરની છાવણીમાં થઈ.

→ ૨૯ માર્ચ, ૧૮૫૭ના રોજ મંગલ પાંડે ભારતનો પ્રથમ શહીદ ગણાય છે. ૮ એપ્રિલ ૧૮૫૭માં ફાંસી થઈ.

| ● વિદ્રોહના કેન્દ્રો | ભારતીય નેતા |
|---|---|
| (૧) દિલ્લી | બહાદુરશાહ ઝફર, બખ્તર ખા (સેનાપતિ) |
| (૨) કાનપુર | નાના સાહેબ, તાત્યા ટોપે (સેનાપતિ) |
| (૩) લખનઉં | બેગમ હજરત મહલ |
| (૪) અલ્હાબાદ | લિયાકત અલી |
| (૫) ઝાંસી | રાણી લક્ષ્મીબાઈ |
| (૬) જગદીશપુર | કુંવરસિંહ |
| (૭) ફતેહપુર | અજીમુલ્લા |

→ ૧૮૫૭ના વિપ્લવના કારણે નીચે મુજબના પરિણામો ઉદ્‌ભવ્યા.

**૧. બ્રહ્મોસમાજ : સ્થાપના : ૧૮૨૪**

- રાજારામમોહન રાયે કોલકાત્તામાં કરી
- ઉદ્દેશ્ય : એકેશ્વરવાદનો પ્રચાર, સતીપ્રથા, બહુપત્નીત્વ, બાળવિવાદ વગેરે કુપ્રથાઓમાં સુધારો કરવા.

● **રાજારામમોહન રાય**

- જન્મ : ૧૭૭૪ રાધાનગર, હુગલી, પં.બગાળ
- તેઓ પ્રેસની સ્વતંત્રતાના હિમાયતી હતા.
- બંગાળીમાં 'સંવાદ કૌમુદી' અને ફારસીમાં 'મિરાત-ઉલ-અખબાર' નામના - સમાચારપત્રો ચાલુ કર્યા હતા.
- ૧૮૧૪માં આત્મીયતાસભા
- ૧૮૧૯માં કોલકત્તા એકતાવાદી સભા
- ૧૮૨૮માં બ્રહ્મોસમાજની સ્થાપના
- ૧૯૨૮માં સતીપ્રથા નાબૂદી કાયદો બન્યો.

**૨. પ્રાર્થના સમાજ :**

- કેશવચંદ્રસેનની પ્રેરણાથી મુંબઈ ૧૮૬૭માં ડૉ. આત્મારામ પાંડુરંગે પ્રાર્થના સમાજની સ્થાપના કરી.
- ૧૮૭૦માં રામકૃષ્ણ ભંડરાકર અને ન્યાયમૂર્તિ ગોવિંદ રાનડે તેમાં જોડાયા.
- ઉદ્દેશ્ય : પડદાપ્રથા, બાળલગ્ન, આભડછેટ તેમજ જ્ઞાતિપ્રથાનો વિરોધ અને વિધવાવિવાહ, સ્ત્રી-શિક્ષણ અને આંતરરાષ્ટ્રીય લગ્નોને ઉત્તેજન.

**3. આર્ય સમાજ :**

● જન્મ : ઈ.સ. ૧૮૫૭માં મુંબઈમાં દયાનંદ સરસ્વતીએ કરી.

● ઉદ્દેશ્ય : વૈદિક ધર્મનો પુનઃઉદ્ધાર તથા સામાજિક સુધારણા.

**૪. દયાનંદ સરસ્વતી :**

● જન્મ : ઈ. સ. ૧૮૨૪ ટંકારા, મોરબી

● મૂળનામ : મૂળશંકર

અનામિકા

- 'પૂર્ણાનંદ સરસ્વતી'એ તેમને 'દયાનંદ સરસ્વતી' નામ આપ્યું.
- 'વેદો તરફ પાછા વળો' એવું સૂત્ર આપ્યુંય
- 'સત્યાર્થ પ્રકાશ' નામના ગ્રંથની રચના કરી.
- 'શુદ્ધિ આંદોલન' ચલાવ્યું.

### ૪. રામકૃષ્ણ મિશન

- ૧૮૯૭માં બેલુરમાં સ્વામી વિવેકાનંદે કરી
- ઉદ્દેશ્ય : 'માનવ સેવા એક જ પ્રભુ સેવા'

### ● વિવેકાનંદ :

- જન્મ : ૧૮૬૭ કોલકત્તા, મૂળ નામ : નરેન્દ્રનાથ દત્ત
- માતા : ભુવનેશ્વર દેવી, પિતા : વિશ્વનાથ
- રામકૃષ્ણ પરમહંસને ગુરુ બનાવ્યા.
- રામકૃષ્ણ પરમહંસ ભારતીય સંસ્કૃતિના જયોતિર્ધર હતા. તથા દક્ષિણેશ્વરમાં કાલીમાતાના મંદિરના પૂજારી હતા.
- ઈ.સ. ૧૮૯૩માં શિકાગો ખાતે ભરાયેલી અખિલ વિશ્વ ધર્મપરિષદમાં હાજરી આપી ભારતીય સંસ્કૃતિ અને તત્ત્વજ્ઞાનની સમજ આપી.
- પુસ્તકો : કર્મયોગ, રાજયોગ, પ્રબુદ્ધ ભારત (પત્ર
- 'ઉઠો જાગો એન ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો' સૂત્ર આપ્યું.
- ૧૯૦૨માં મૃત્યુ થયું.
- સ્વામી વિવેકાનંદના મૃત્યુ પછી તેમના શિષ્ય સિસ્ટર નિવેદનાએ મિશનનું કાર્ય સંભાળ્યું હતું.

### ૫. થિયોસોફિકલ સોસાયટી :

- ૧૮૭૫માં ન્યૂયોર્કમાં મેડમ બ્લેવેટ્સ્કી (રશિયન મહિલા) અને કર્નલ આલ્કોટના પ્રયાસોથી થિયોસોફિકલ સોસાયટીની સ્થાપના કરી.
- ૧૮૯૩માં આયરીશ મહિલા એની બેસન્ટે થિયોસોફિકલ સોસાયટીનું ભારતમાં કામ ઉપાડયું.
- ચેન્નાઈ નજીક અડિયાર ખાતે વડુમથક હતું.
- ૧૮૯૮માં બનારસમાં હિંદુ સ્કૂલની સ્થાપના કરી જે આગળ જતાં મદનમોહન માલવિયાના પ્રયાસોથી ઈ.સ. ૧૯૧૬માં બનારસ હિન્દુ વિશ્વવિદ્યાલય બની.
- એની બેસન્ટે ૧૯૧૬માં હોમરૂલ લીગની સ્થાપના કરી.

### ● અલીગઢ આંદોલન અને સર સૈયદ અહમદખાન :

- સર સૈયદ અહેમદખાને મુસ્લિમ ધર્મ અને સામાજિક સુધારણા માટે શરુ કરેલું આંદોલન અલીગઢ આંદોલન તરીકે ઓળખાય છે.
- ૧૮૭૫માં અલીગઢી એંગ્લો મોહમેડને ઓરિએન્ટલ કૉલેજની સ્થાપના કરી જે પાછળથી વિકાસ પામીને 'અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી' બની.

### ● શીખ સમાજમાં ધાર્મિક સુધારાઓ :

- ધાર્મિક શિક્ષણની સાથે પાશ્ચાત્ય કેળવણી આપવા માટે અમૃતસરમા ખાલસા કૉલેજ તથા શાળાઓ શરૂ થઈ.

### ● પારસી સમાજમાં સુધારા :

- પારસી સમાજ સુધારણા માટે ૧૮૫૧માં રહનુમા-ઈ-મઝદયરબન સભા સ્થપાઈ. દાદાભાઈ નવરોજી આ સંસ્થાના અગ્રણી હતા.

અનામિકા એકેડેમી

- આ સંસ્થાએ 'રાશ્ત ગોફતાર' મુખપત્ર શરૂ કર્યું.
- બહેરામજી મલબારીના પ્રયત્નોથી ઈ.સ. ૧૮૯૧માં સરકારે લગ્ન માટેની પુખ્તવય ઠરાવતો કાયદો પસાર કર્યો.

● **જ્યોતિબા ફુલે :**

- મહારાષ્ટ્રમાં 'સત્યશોધક સમાજ'ની સ્થાપના ૧૮૭૩માં કરી.
- જ્યોતિબાની કદરરૂપે ૧૮૮૭માં મુંબઈના નાગરિકોએ તેમને મહાત્માની પદવી આપી હતી.

● **ઠક્કરબાપા :**

- પંચમહાલ ભીલ સેવામંડળની સ્થાપના કરી.
- ભીલોના જીવનમાં મોટું પરિવર્તન લાવ્યા.

● **ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ અને રાષ્ટ્રવાદનો ઉદય :**

➜ ૨૮ ડિસેમ્બર ૧૮૮૫ના રોજ મુંબઈની ગોકુલદાસ તેજપાલ સંસ્કૃત વિદ્યાલયના પ્રાંગણમાં દેશભરમાંથી આવેલા ૭૨ પ્રતિનિધિઓના સંમેલનમાં 'એલન ઓક્ટિવિયમ હ્યુમ' નામના નિવૃત્ત ICS અધિકારીના પ્રયત્નોથી ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની સ્થાપના થઈ.

➜ પ્રથમ અધિવેશનમાં 'વ્યોમેશચંદ્ર બેનર્જી' પ્રમુખપદે હતા.

➜ ઈ.સ. ૧૮૯૨માં 'ઈન્ડિયન કાઉન્સિલ એક્ટ' પસાર થયો.

➜ ટિળકે 'કેસરી' અને 'મરાઠા' વર્તમાનપત્રમાં મહાસભાની નરમ નેતાગીરીની ટીકા કરી.

➜ ૧૯૦૫માં લોર્ડ કર્ઝને બંગાળના ભાગલા પાડ્યા. બંગભંગ આંદોલન થયું. સ્વેદશી ચળવળ હેઠળ વિદેશી વસ્તુઓનો બહિષ્કાર કરવામાં આવ્યો.

➜ જે દિવસે ભાગલાનો અમલ શરૂ થયો તે દિવસને 'શોકદિન' (૧૬ ઑક્ટોબર, ૧૯૦૫) રવીન્દ્રનાથ ટાગોરે 'એકતા દિન' તરીકે પણ ઉજવવામાં આવ્યો. હિન્દુ-મુસ્લિમોએ એકબીજાના હાથે રાખડી બાંધી. આ અવસરે ટાગોરે 'અમાર સોનાર બાંગ્લા' ગીત લખ્યું. જે હાલમાં બાંગ્લાદેશનું રાષ્ટ્રગીત છે.

➜ ૧૯૧૧માં બંગાળના ભાગલા રદ કર્યા.

● **મુસ્લિમ લીગની સ્થાપના :**

- ૧૯૦૬માં 'ઢાકા' મુકામે સ્થાપના થઈ.
- જેમાં ધાર્મિક વડા આગાખાન, નવાબ સલીમુલ્લા, વાઈસરોય મિન્ટો અને તેના ખાનગી મંત્રી ડનલોપ સ્મિથે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

➜ ૧૯૦૭માં સુરત મુકામે કોંગ્રેસના બે ભાગલા પડી ગયા ➜ (૧) જહાલવાદી (૨) મવાળવાદી

- મવાળવાદી નેતાઓ : દાદાભાઈ નવરોજજી, ફિરોજશાહ મહેતા, ગોપાલકૃષ્ણ ગોખલે, સુરેન્દ્રનાથ બેનર્જી
- જહાલવાદી નેતાઓ : લાલા લજપતરાય, બિપિનચંદ્ર પાલ, બાળગંગાદર તિળક, અરવિંદ ઘોષ.

➜ ૧૯૦૯માં મોર્લે-મિન્ટો સુધારો

● **હોમરૂલ આંદોલન :**

- ભારતમાં હોમરૂલ લીગની સ્થાપના લોકમાન્ય તિલક અને એની બેસન્ટે કરી.
- તિળકે એપ્રિલ, ૧૯૧૬માં બેલગામમાં હોમરૂલ લીગની સ્થાપના કરી.
- એની બેસન્ટે સપ્ટેમ્બર ૧૯૧૬માં ચેન્નાઈ ખાતે કરી.
- તિળકે પોતાના અખબારોમાં 'ધી મરાઠા' અને 'કેસરી'માં લેખો લખીને ભાષણો આપ્યા તે દરમિયાન તેમને 'લોકમાન્ય' તરીકે બિરદાવવામાં આવ્યા.



અનામિકા

- એની બેસન્ટે 'ધી કોમનવીલ' સાપ્તાહિક અને 'ન્યુ ઈન્ડિયા' દૈનિક દ્વારા હોમરૂલનો પ્રચાર કર્યો.
- ➜ લખનૌ કરાર ૧૯૧૬માં થયો.
- ➜ ૧૯૧૯માં મોન્ટફર્ડ સુધારો અનુસાર કેન્દ્રની ધારાસભાને દ્વિગ્રહી બનાવી.
- ➜ ૧૯૧૯માં વ્યક્તિ સ્વાતંત્ર્ય અને વાણી સ્વાતંત્ર્ય નામશેષ બનાવતો રૉલેટ ઍક્ટ પસાર કરવામાં આવ્યો.

## ● કેટલીક ક્રાંતિકારી પ્રવૃત્તિઓ :

- ઈ.સ. ૧૮૭૯માં સૌપ્રથમ વાસુદેવ બળવંત ફડકેએ ભારતમાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓની શરુઆત કરી.
- વીર સાવરકરે મિત્રમેલા સંગઠનની સ્થાપના કરી હતી. જે ૧૯૦૪માં અભિનવ ભારત તરીકે ઓળખાયું. જેના પ્રમુખ સદસ્ય પાડુરંગ મહાદેવ બાપટને બોમ્બ બનાવવાની ટેકનિક શીખવા માટે રશિયા મોકલ્યો હતો.
- ➜ ૧૩ નવેમ્બર, ૧૯૦૯ના દિવસે અમદાવાદમાં વાઈસરોય મિન્ટો અને લેડી મિન્ટો પર પ્રથમ રાયપુર દરવાજા બહાર અને પછી તરત જ આસ્ટોડીયા દરવાજા બહાર બોમ્બ ફેંકાયો જોકે બંને વખત તેઓ બચી ગયા.
- ➜ આ પ્રવૃત્તિ કરનાર મોહનલાલ પંડ્યા (ડુંગળી ચોર) અને એમના બે સાથીઓ પુંજાભાઈ વકીલ તથા વસંતરાવ વ્યાસ હતા. તેઓ છેક સુધી પકડાયા ન હતા.
- ➜ ઈ.સ.૧૯૦૬માં ભૂપેન્દ્રનાત દત્ત સાથે મળીને 'યુગાંતર' નામના સમાચારપત્રથી ક્રાંતિકારી વિચારધારાનો પ્રચાર કર્યો.
- ➜ ૧૯૦૮માં મુઝફ્ફરનગરના એક અન્યાયી જજ કિંગ્સફોર્ડની બગી પર પ્રફુલ્લ ચાકી અને ખુદીરામ બોઝે બોમ્બ ફેંક્યો.
- પ્રફુલ્લ ચાકીએ આત્મહત્યા કરી જયારે ખુદીરામને ફાંસી આપવામાં આવી.
- ઈ.સ.૧૯૧૨માં વાઈસરોય લોર્ડ હાર્ડિંગ પર બોમ્બ ફેંકાયો જે દિલ્લી ષડ્યંત્ર કેસથી ઓળખાય છે આ કાંડ પાછળ રાસબિહારી બોઝની યોજના હતી.

## ● કેટલીક ક્રાંતિકારી પ્રવૃત્તિઓ :

- ➜ ઈ.સ. ૧૯૦૬માં શ્યામજી કૃષ્ણવર્માએ (વતન-માંડવી) લંડનમાં 'ઈન્ડિયન હોમરૂલ સોસાયટી'ની સ્થાપના કરી.
- ➜ આ સંસ્થાના પ્રચાર માટે 'ઈન્ડિયન સોશ્યોલોજિસ્ટ' નામનું સામાયિક શરૂ કર્યું. તેમને 'ઈન્ડિયન હાઉસ'ની સ્થાપના કરી અને ભારતીયો માટે શિષ્યવૃત્તિની વ્યવસ્થા કરી.
- ➜ ઈ.સ. ૧૯૦૯માં મદનલાલ ધિંગરાએ લંડનમાં કર્નલ વાયલીને ગોળી મારી હત્યા કરી હતી તેથી તેને ફાંસી આપવામાં આવી હતી.
- ➜ શ્યામજીકૃષ્ણ વર્માનું ૧૯૩૦માં સ્વિત્ઝર્લેન્ડમાં મૃત્યુ થયું. તેમની પત્ની ભાનુમતી ૧૯૩૩માં મૃત્યુ પામ્યા. તેમના અને પત્નીના અસ્થિ ૨૦૦૩માં ભારત લાવી માંડવીમાં સ્થાપિત કરાયા છે.
- ➜ ૧૯૧૩મા લાલા હરદયાળ, સોહનસિંહ ભાખના વગેરેએ સેન ફ્રાન્સિસ્કોમાં 'ગદર પાર્ટી'ની સ્થાપના કરી.
- ➜ મેડમ કામાએ ૧૯૦૭માં જર્મનીના સ્ટુટગાર્ડ શહેરમાં યોજાયેલી આંતરરાષ્ટ્રીય સમાજવાદી પરિષદમાં ભારતનો ત્રિરંગો ફરકાવ્યો હતો.
- ➜ સરદારસિંહ રાણા મૂળ લીંબડીના વતની હતા.
- જાપાનમાં રાસબિહારી ઘોષે અને અગ્નિએશિયામાં ચંપક રમણ પિલ્લાઈએ ક્રાંતિકારી પ્રવૃત્તિઓ ચાલુ કરેલી.

## ● ગાંધીયુગ

- મૂળનામ : મોહનદાસ કરમચંદ ગાંધી
- જન્મ : ૨ ઑક્ટોબર, ૧૮૬૯ - પોરબંદર
- માતા : પૂતળીબાઈ
- પત્ની : કસ્તૂરબા

અનામિકા એકેડેમી

- રાજકીય ગુરુ : ગોપાલકૃષ્ણ ગોખલે
- આધ્યાત્મિક ગુરુ : શ્રીમદ્ રાજચંદ્ર
- કરમચંદ ઉત્તમચંદ ગાંધી (કબા ગાંધી)
- કબા ગાંધીનો ડેલો રાજકોટમાં આવેલો છે.

● ***ગાંધીજીના વર્તમાનપત્રો :***

(૧) ઈન્ડિયન ઓપિનિયન (૧૯૦૩)
(૨) બુલેટિન
(૩) હરિજન
(૪) નવજીવન
(૫) યંગ ઈન્ડિયા

● ***ગાંધીજીએ સ્થાપેલી સંસ્થાઓ :***

(૧) ટૉલ્સટૉય ફાર્મ (ગાંધી આશ્રમ કે ફિનિક્સ આશ્રમ) દક્ષિણ આફ્રિકા
(૨) કોચરબ આશ્રમ (સાબરમતી આશ્રમ)
(૩) ટિળક સ્વરાજ ફંડ
(૪) ગુજરાત વિદ્યાપીઠ
(૫) સેવાગ્રામ આશ્રમ
(૬) ગૌસેવા સંઘ

→ ગાંધીજીએ પ્રાથમિક શિક્ષણ રાજકોટની પરાની શાળામાં લીધું.

→ ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં પ્રથમવાર જેલમાં જહોનિસબર્ગમાં ગયા હતા.

→ ગાંધીજીએ 'હિંદ સ્વરાજ' નામનું પુસ્તક ૧૯૦૯માં લંડનથી દ. આફ્રિકા આવતા 'એસ.એસ. કિલ્દોના' કાસલ નામના જહાજમાં લખ્યું હતું.

→ ગાંધીજીએ એક જર્મન મિત્રની મદદથી દ. આફ્રિકામાં 'ટૉલ્સટૉય ફાર્મ'ની સ્થાપના કરી જે ગાંધીઆશ્રમ કે ફિનિક્સ આશ્રમ તરીકે ઓળખાય છે

→ ૯મી જાન્યુઆરી, ૧૯૧૫ના રોજ ગાંધીજી ભારત પાછા આવ્યા તેની યાદમાં હાલમાં 'પ્રવાસી ભારતીય દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

→ પ્રથમવાર જેલની સજા અસહકાર આંદોલન વખતે ૧૦ માર્ચ, ૧૯૨૦ના રોજ થઈ અને 'યરવડાની' જેલમાં પૂર્યા.

→ શરુઆતમાં તેમને અંગ્રેજોને સાથ આપેલો તેથી ૧૯૧૫માં અંગ્રેજ સરકારે 'કેસરે હિંદ' ની ઉપાધિ આપી. જે અસહકાર આંદોલન વખતે પાછો આપી દીધી.

→ ૧૯૧૫માં અમદાવાદમાં પાલડી નજીક કોચરબ ગામે સત્યાગ્રહ આશ્રમની સ્થાપના કરી.

→ ૧૯૧૭માં અમદાવાદમાં સાબરમતી નદીના કિનારે સાબરમતી આશ્રમની સ્થાપના કરી.

→ ગાંધીજી ઈ.સ. ૧૯૧૮ થી ૧૯૩૦ સુધી સાબરમતી આશ્રમમાંના 'હૃદયકુંજ' નામના મકાનમાં રહ્યાં હતા.

→ અસ્પૃશ્યોને તેમને હરિજન નામ આપ્યું અને 'હરિજન સેવકસંઘ'ની સ્થાપના કરી.

→ ૩૦ જાન્યુઆરી ૧૯૪૮ના રોજ દિલ્લીમાં બિરલા ભવન ખાતે શુક્રવારે નાથુરામ ગોડસેએ ગાંધીજીને ગોળી મારી હત્યા કરી.

→ ૧૦ મે, ૧૯૬૩ના રોજ સાબરમતી આશ્રમમાં 'ગાંધી સ્મારક' સંગ્રહાલયનું ઉદ્‌ઘાટન પંડિત જવાહરલાલ નહેરુએ કર્યું.

***૧. ચંપારણ સત્યાગ્રહ : (૧૯૧૭)***

→ બિહારના ચંપારણમાં યુરોપિયન નીલવરો જમીનના ૩/૨૦ ભાગમાં ફરજિયાત ગળીનું વાવેતર કરવાની 'તીન કઠિયા'

અનામિકા એકેડમી

પદ્ધતિ અપનાવી ઉત્પાદન સસ્તી કિંમતે વેચવાની ખેડૂતોને ફરજ પાડતા હતા.

➔ ગાંધીજીનો આ પ્રથમ સફળ સત્યાગ્રહ હતો જેના ઉપલક્ષમાં રવીન્દ્રનાથ ટાગોરે ગાંધીજીને 'મહાત્મા' કહ્યા હતા.

**૨. અમદાવાદ મિલ મજૂર આંદોલન : (૧૯૧૭)**

➔ ૧૯૧૭માં અમદાવાદ પ્લેગ ફાટી નીકળ્યો. જેથી મજૂરો અમદાવાદ છોડી ગામડાં તરફ જવા લાગ્યા.

➔ મજૂરોને જતા અટકાવવા માટે મિલ માલિકોએ 'પ્લેગ બોનસ' આપ્યું. સામાન્ય પગારના ૭૫૧ સુધી આપ્યું.

➔ આ રોગ બંધ થતા તેમને બોનસ આપવાનું બંધ કરી દીધું.

➔ પ્લેગ બોનસ ન મળતાં મજૂરોએ વિરોધ કર્યો.

➔ અંતે મિલમાલિકો ઝૂક્યા. આનંદ શંકર ધ્રુવના પ્રમુખ પદની લવાદી સ્વીકારી ૩૫% વૃદ્ધિ આપવાનું કહ્યુ.

➔ ૧૯૨૦માં અમદાવાદમાં 'મજૂર મહાજન'ની સ્થાપના થઈ.

**3. ખેડા સત્યાગ્રહ : (૧૯૧૭)**

➔ ઈ.સ.૧૯૧૭ના રોજ ગુજરાતના ખેડા જિલ્લો અતિવૃષ્ટિને કારણે પાક નિષ્ફળ ગયો.

➔ અંગ્રેજોનું મહેસૂલ ખેડૂતો ના ભરી શકતા હોવાથી ગાંધીજી અને વલ્લભભાઈની આગેવાની હેઠળ સત્યાગ્રહ થયો.

➔ અંગ્રેજોએ ખેતરોમાંના ઊભા પાકો જપ્ત કર્યા.

➔ મોહનલાલ પંડ્યાએ ગાંધીજીની પરવાનગી મેળવી જપ્ત કરેલા ખેતરમાંથી ડુંગળીનો પાક કાપી લીધો.

➔ મોહનલાલ પંડ્યાને 'ડુંગળી ચોર'નું બિરુદ મળ્યું.

➔ આખરે અંગ્રેજોએ નમતું જોખ્યું અને મહેસૂલ માફ કર્યો.

**૪. રોલેક્ટ એક્ટ : (૧૯૧૯)**

➔ જે અંતર્ગત કોઈ પણ શંકાસ્પદ વ્યક્તિની ધરપકડ કરી શકાતી અને તેના પર મુકદમો ચલાવ્યા સિવાય દિવસો સુધી ઝેલમાં પૂરી રાખી શકાતો.

- ગાંધીજીએ આ કાયદાનો 'કાળો કાયદો' કહ્યો.

- રૉલેક્ટ એક્ટ વિરોધનું આંદોલન ગાંધીજીનું પ્રથમ રાષ્ટ્રીય કક્ષાનું આંદોલન હતું.

➔ ૬ એપ્રિલ ૧૯૧૯નો દિવસ 'રાષ્ટ્રીય અપમાન દિવસ' તરીકે મનાવાયો.

**૫. જલિયાવાલા બાગનો હત્યાકાંડ : (૧૯૧૯)**

➔ ૧૩મી એપ્રિલના દિવસે સાંજે ૪.૩૦ કલાકે અમૃતસરના જલિયાવાલા બાગમાં શહિદોને અંજલિ આપવા અને પોતાના પ્યારા નેતાઓ ડૉ. સત્યપાલ અને ડૉ. કિચલુની ધરપકડનો વિરોધ કરવા સભાનું આયોજન કરાયેલું.

➔ જનરલ ડાયરે લોકો પર ગોળીબાર કરાવ્યો.

➔ આ બનાવની તપાસ હન્ટર કમિશને જનરલ ડાયરનો બચાવ કર્યો.

➔ હત્યાકાંડના વિરોધમાં રવીન્દ્રનાથ ટાગોરે બ્રિટિશ સરકાર દ્વારા અપાયેલ નાઈટનો ખિતાબ,ગાંધીજીએ કેસર-એ-હિંદ તથા જમનાલાલ બજાજે રાય બહાદુરની ઉપાધિનો ત્યાગ કર્યો.

**૬. ખિલાફત આંદોલન :**

➔ પ્રથમ વિશ્વયુદ્ધમાં તૂર્કીનો પરાજય થયો તેથી ભારતીય મુસ્લિમોને દુઃખ થયું.

➔ તુર્કીને ભારે યુદ્ધ દંડ કર્યો અન તુર્કીના સુલતાનને કેદ કર્યો.

➔ તુર્કીનો સુલતાન મુસ્લિમ જગતનો પ્રમુખ હતો. આથી તેને ખલીફા પણ કહેવાતો.

➔ તેના કેદના સમાચારથી ભારતીય મુસલમાનોને આઘાત લાગ્યો અને હિંદના મુસલમાનોને બચાવવા માટે 'ખિલાફત આંદોલન' શરું કર્યું.

➔ ૧૯મી ઓકટોબર ૧૯૧૯નો દિવસ સમગ્ર દેશમાં 'ખિલાફત દિવસ' તરીકે ઉજવાયો.

અનામિકા

## ૭. અસહકારનું આંદોલન : (૧૯૨૦)

➜ પ્રથમ વિશ્વયુદ્ધમાં તૂર્કીનો પરાજય થયો તેથી ભારતીય મુસ્લિમોને દુઃખ થયું.

➜ ઈ.સ.૧૯૨૦ના કોલકત્તાના વિશિષ્ટ સંમેલનમાં ખિલાફત આંદોલનને સમર્થન અને અસહકાર આંદોલન માટે પૂર્વ ભૂમિકા બંધાઈ અને ૧૯૨૦ના નાગપુર અધિવેશનમાં બહાલી મળી.

➜ ચૌરી-ચૌરા બનાવ (૫, ફેબ્રુઆરી, ૧૯૨૨) : ઉત્તરપ્રદેશમાં ગોરખપુર નજીક ચૌરી-ચૌરા ગામે પોલીસે એક સરઘસ ઉપર બેફામ ગોળીબાર કર્યો. ઉશ્કેરાયેલા લોકોએ પોલીસ સ્ટેશનને આગ લગાવી તેથી ૨૨ પોલીસોના મૃત્યુ થયાં.

➜ આ હિંસક બનાવ બનતાં ગાંધીજીએ જણાવ્યું કે 'અહિંસાનું મૃત્યુ નહિં સમજનારા લોકોના હાથમાં સત્યાગ્રહનું શસ્ત્ર મૂકીને મે હિમાલય જેવડી મોટી ભૂલ કરી' એમ કહીને આંદોલન તત્કાળ પાછુ ખેંચી લેવાની જાહેરાત કરી.

➜ સરકારે ગાંધીજીની ધરપકડ કરી અને ૬ વર્ષની કેદની સજા થઈ.

➜ કેટલાક નેતાઓએ ગાંધીજીના નિર્ણયની ટીકા કરી.

## ૮. બોરસદ સત્યાગ્રહ :

➜ ઈ.સ. ૧૯૨૩માં આણંદ જિલ્લાના બોરસદ તાલુકામાં બહારવટિયાઓનો ત્રાસ વધી ગયો હતો.

➜ અંગ્રેજ સરકારે સુરક્ષા માટે એક વર્ષ માટે વધારાની પોલીસ રાખવાનું નક્કી કર્યું. જેનો ખર્ચ રૂ. અઢી લાખ હતો.

➜ આ ખર્ચ બોરસદ તાલુકાના બધા ગામો અને આણંદ તાલુકાના અમુક ગામોમાં દરેક ૧૮ વર્ષની મોટી વ્યક્તિ દીઠ રૂ. અઢી હતો.

➜ વલ્લભભાઈની આગેવાની હેઠળ સત્યાગ્રહ ચાલ્યો.

➜ આ સત્યાગ્રહ દરમિયાન દરબાર ગોપાળદાસના અધ્યક્ષપદે સંગ્રામ સમિતિની રચના થઈ. જેના વિજય થયો.

## ૮. બારડોલી સત્યાગ્રહ :

➜ ઈ.સ. ૧૯૨૮ના રોજ અંગ્રેજ સરકારે બારડોલી (સુરત)ના ખેડૂતો પર ૨૨% નો વધારો કર્યો.

➜ આ કર ખેડૂતો ભરી શકે તેમ નહોતા તેથી વલ્લભભાઈ પટેલની આગેવાની હેઠળ સત્યાગ્રહ થયો.

- સરદાર પટેલે બારડોલી આશ્રમને સત્યાગ્રહનું સંચાર કેન્દ્ર બનાવ્યું અને આશ્રમનું નામ 'સ્વરાજ આશ્રમ' રાખવામાં આવ્યું.

➜ આ સત્યાગ્રહથી વલ્લભભાઈને 'સરદાર'નું બિરુદ મળ્યું.

● મોતીલા નહેરુ અને ચિત્તરંજનદાસે ઈ.સ. ૧૯૨૩માં સ્વરાજય પાર્ટીની સ્થાપના કરી.

## ● ઉગ્ર ક્રાંતિકારી - પ્રવૃત્તિઓ

➜ રામપ્રસાદ બિસ્મિલ, યોગેશ ચેટર્જી, સચિન્દ્ર સન્યાલ વગેરે એ મળીને ૧૯૨૪માં કાનપુરમાં 'હિંદુસ્તાન રિપબ્લિક એસોસિએશન'ની સ્થાપના કરી.

➜ આ સદસ્યોએ ૧૯૨૫માં હરદોઈથી લખનઉં જતી ટ્રેનને કાકોરી નામના સ્ટેશને રોકીને સરકારી નાણાં લૂંટ્યા જેનો ઉદ્દેશ્ય ક્રાંતિકારી પ્રવૃત્તિઓ માટે નાણાં એકઠા કરવાનો હતો.

➜ 'કાકોરી કાવતરાં કેસમાં' રામપ્રસાદ બિસ્મિલ, અશફાક ઉલ્લાખાન, રોશનસિંહ અને રાજેન્દ્ર લોહરીને ફાંસી થઈ. જયારે ચંદ્રશેખર આઝાદ ફરાર થઈ ગયા.

➜ ૧૯૨૮માં ચંદ્રશેખરની પ્રેરણાથી ભગતસિંહે 'હિંદુસ્તાન સોશ્યાલિસ્ટ રિપબ્લિક આર્મી'ની સ્થાપના કરી.

➜ ૧૯૨૮માં ભગતસિંહે સોન્ડર્સની હત્યા કરી.

➜ 'લાહોર કાવતરાં કેસ અંતર્ગત' ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવને ૨૩ માર્ચ ૧૯૩૧ના રોજ ફાંસી થઈ.

➜ ચંદ્રશેખર આઝાદે આલ્ફ્રેડ પાર્કમાં આત્મહત્યા કરી.

➜ ૧૯૩૦ના રોજ સૂર્યસેનના નેતૃત્વમાં 'ઈન્ડિયન રિપબ્લિકન આર્મી'ની સ્થાપના કરી.

અનામિકા એકેડેમી

- ➜ ૧૯૩૪માં સૂર્યસેન અને તારકેશ્વરને ફાંસી થઈ જયારે આ દળની યુવતી પ્રતિલતા વાડેડારે આત્મહત્યા કરી અને કલ્પના દત્તને આજીવન કારાવાસની સજા થઈ.

### ● સાયમન કમિશન : (૧૯૨૭)

- ➜ આ કમિશનના બધા (સાતેય) સભ્યો અંગ્રેજ હતા. આથી કોંગ્રેસ સહિત બધા પક્ષોએ વિરોધ કર્યો.
- ➜ ૩ ફેબ્રુઆરી, ૧૯૨૮ના રોજ સાયમન કમિશન ભારત આવ્યું. ત્યારે 'સાયમન ગો બેક' ના નારાથી વિરોધ કરાયો.
- ➜ પંજાબ કેસરી લાલા લજપતરાયનું પોલીસ લાઠીમારથી મૃત્યુ થયું. લખનઉમાં નહેરુ પર લાઠીચાર્જ થયો. જયારે ગોવિંદ વલ્લભ પંત લાઠીચાર્જથી અપંગ બન્યા.

### ● નહેરુ અહેવાલ :

- ➜ ૧૯ મે, ૧૯૨૮ના રોજ મોતીલાલ નહેરુની અધ્યક્ષતામાં સમિતિની રચના કરી. આ સમિતિએ ૧૦ ઑગસ્ટ, ૧૯૨૮ના રોજ પોતાનો અહેવાલ આપ્યો જે નહેરુ અહેવાલથી ઓળખાય છે.
- ➜ આ અહેવાલમાં સ્થાનિક સ્વરાજય, પુખ્તવય મતાધિકાર, સ્વતંત્ર ન્યાયતંત્ર, મૂળભૂત અધિકારો, કોમી મતદાર મંડળોની સમાપ્તિ, લઘુમતિઓ માટે અનામત જેવી બાબતોની ભલામણો હતી.
- ➜ આ અહેવાલ સ્વતંત્ર ભારતના બંધારણની 'બ્લ્યુ પ્રિન્ટ' કહેવાય છે. મુસ્લિમ લીગની અસંમતિના કારણે સરકારે તેનો અસ્વીકાર કર્યો.

### ● પૂર્વ સ્વરાજની માંગ :

- ➜ ઈ.સ. ૧૯૨૯માં કોંગ્રેસનું અધિવેશન યુવા નેતા જવાહરલાલ નહેરુના સ્થાને અધ્યક્ષસ્થાને રાવી નદીના કિનારે લાહોર ખાતે મળ્યું. જેમાં ૧ વર્ષનો આપેલો સમયગાળો પૂર્ણ થયો હોવાથી પૂર્ણ સ્વરાજનો ઠરાવ પસાર કરાયો.
- ૨૬ જાન્યુઆરી, ૧૯૩૦ના રોજ સ્વતંત્રતા દિવસ મનાવવામાં આવ્યો.
- પૂર્ણ સ્વરાજ માટે સવિનય કાનૂનભંગ આંદોલનનો નિર્ણય લેવાયો.

### ● સવિનય કાનૂનભંગ ચળવળ : (૧૯૩૦)

- ➜ સમય : ૧૨ માર્ચ ૧૯૩૦ થી ૬ એપ્રિલ ૧૯૩૦

  શરુઆત : સાબરમતી આશ્રમ, અમદાવાદ

  અંત : દાંડીના સમુદ્રકિનારે, નવસારી
- ➜ કૂચ દરમિયાન ભાટ ગામ મુકામે ગાંધીજીએ કહ્યું, 'હું કાગડા-કૂતરાના મોતે મરીશ પરંતુ સ્વરાજ લીધા વિના આ આશ્રમમાં પગ મૂકવાનો નથી.'
- ગાંધીજી અને તેમના ૭૮ સાથીઓ દાંડી જવા નીકળ્યા.
- કૂચના પ્રથમ દિવસે બપોરે વિસામો 'ચંડોળા તળાવ' અને રાત્રી રોકાણ 'અસલાલી'માં કર્યું હતું.
- આ સત્યાગ્રહીઓ લગભગ ૩૬૦ જેટલું અંતર ૨૪ દિવસમાં કાપ્યું.
- દાંડીયાત્રાના પ્રથમ બલિદાની 'સરદાર પટેલ' બન્યા હતા.
- ૬ એપ્રિલ, ૧૯૩૦ના રોજ ૬ વાગે સવારે સમુદ્ર સ્નાન કરીને ચપટી મીઠું ઉપાડીને ગાંધીજી ગાંધીજીએ કહ્યું, 'બ્રિટીશ સામ્રાજયની ઈમારતના પાયામાં હું આથી લૂણો લગાડું છું.'
- સુભાષચંદ્ર બોઝે દાંડીયાત્રાને 'નેપોલિયનની પેરિસ માર્ચ' અને 'મુસોલીનીની રોમ માર્ચ' કહી છે.
- મહાદેવભાઈ દેસાઈએ દાંડીયાત્રાને 'મહાભિનિષ્ક્રમણ' સાથે સરખાવી હતી.

### ● ધરાસણા સત્યાગ્રહ :

- ➜ સ્થળ : ૨૨ મે, ૧૯૩૦, જિલ્લો સુરત.
- દાંડીકૂચ દરમિયાન ગાંધીજીની ધરપકડ થઈ નહિ આથી ધરાસણા સત્યાગ્રહ કરવાનું નક્કી કર્યું.

અનામિકા એકેડેમી

- સુરતમાં ધરાસણા ગામ મીઠાના ઉત્પાદનનું મોટું કેન્દ્ર હતું.
- સત્યાગ્રહ કરવાનું નક્કી હતું અને તેની પૂર્વ તૈયારીમાં ૫ મે, ૧૯૩૦ના રોજ એક વાગે કરાડી ગામમાંથી ગાંધીજીની ધરપકડ કરીને 'યરવડા જેલમાં' પૂર્યા.
- ગાંધીજી અને અબ્બાસ તૈયબજીની ધરપકડ થવાથી સત્યાગ્રહની આગેવાની 'અબ્દુલ ગફારખાને' લીધી. તેથી તે 'સરહદના ગાંધી' તરીકે ઓળખાયા.

● ***ગાંધી - ઈરવીન કરાર :***

→ ગાંધીજી અને વાઈસરોય ઈરવીનની વચ્ચે ૫ માર્ચ, ૧૯૩૧ના રોજ કરાર થયો જેને 'ગાંધી - ઈરવીન કરાર' કહે છે.

→ ગાંધી - ઈરવીન કરારની સમગ્ર દેશમાં નિંદા કરવામાં આવી કેમ કે ગાંધીજીએ ફક્ત અહિંસક રીતે ક્રાંતિ કરતાં કેદીઓને જ છોડવાની માંગણી કરી હતી.

→ 'ઈન્કલાબ ઝિંદાબાદ' નું સૂત્ર આપનાર ભગતસિંહ તથા તેમના સાથીઓ રાજગુરુ અને સુખદેવને જેલ મુક્ત કરવાની વાત કરવામાં આવી ન હોતી.

→ ગાંધીજી ગાંધી-ઈરવીન ઈરવીન કરારમાં સશસ્ત્ર ક્રાંતિઓને કંઈ પણ મદદ કરી નહિં જે એક ગાંધીજીની ભૂમિકાને ટીકાત્મક રીતે હંમેશા ઈતિહાસમાં રહેશે.

● ***ગોળમેજી પરિષદ :***

● ***પ્રથમ ગોળમેજી પરિષદ :***

સમય : ૧૨ ડિસેમ્બર ૧૯૩૦ થી ૧૩ જાન્યુઆરી ૧૯૩૧

- ૩૧ દિવસનું સંમેલન લંડનમાં ભરાયું.
- ૮૯ સભ્યોએ ભાગ લીધો.
- ઉદ્ઘાટન : બ્રિટનના રાજા જયોર્જ પાંચમાએ કર્યું હતું.
- ત્રણેય ગોળમેજી પરિષદના અધ્યક્ષ બ્રિટનના વડાપ્રધાન 'રામસે મૅકડોનાલ્ડ' હતા.

● ***બીજી ગોળમેજી પરિષદ :***

સમય : ૭ સપ્ટેમ્બર ૧૯૩૧ થી ૧ ડિસેમ્બર ૧૯૩૧ સુધી લંડનમાં.

- બીજી ગોળમેજી પરિષદમાં 'કોંગ્રેસના એકમાત્ર પ્રતિનિધિ તરીકે ગાંધીજીએ ભાગ લીધો હતો.'
- ગાંધીજી જયારે આ પરિષદમાં ભાગ લેવા ગયા ત્યારે ઝવેરચંદ મેઘાણીએ ગાયું, 'છેલ્લો કટોરો ઝેરનો આ પી જજો બાપુ.'

● ***ત્રીજી ગોળમેજી પરિષદ :***

સમય : ૧૭ નવેમ્બર ૧૯૩૨થી ૨૪ ડિસેમ્બર સુધી લંડનમા.

- કોંગ્રેસે બહિષ્કાર કર્યો / ૯૬ પ્રતિનિધિઓએ ભાગ લીધો.
- આ પરિષદમાં ભારત સરકાર અધિનિયમ ૧૯૩૫નો ચોક્કસ મુસદ્દો ઘડવામાં આવ્યો હતો.

● ***કોમી-ચુકાદો, પુના કરાર અને અસ્પૃશ્યતા નિવારણ : (૧૯૩૨)***

→ ઓગસ્ટ ૧૯૩૨માં ઈંગ્લેન્ડના વડાપ્રધાન રામસે મેકડોનાલ્ડે કોમી ચુકાદો જાહેર કર્યો.

- ગાંધીજી અને આંબેડકર વચ્ચે 'પૂના કરાર' થયો.
- ૧૯૩૨માં 'હરિજન સેવક સંઘ'ની સ્થાપના કારવામાં આવી.

● ***ઓગસ્ટ ઑફર : (૧૯૪૦)***

- વાઈસરોય લોર્ડ લિનલિથગોએ ૮ ઑગસ્ટ, ૧૯૪૦ના રોજ 'ઑગસ્ટ ઑફર' આપી.
- કોંગ્રેસે અસ્વીકાર્ય કર્યો.

અનામિકા એકેડેમી

- **વ્યક્તિગત સત્યાગ્રહ : (૧૯૪૦)**

- ગાંધીજીએ પ્રથમ વ્યક્તિગત સત્યાગ્રહ તરીકે વિનોબા ભાવે
  દ્વિતીય વ્યક્તિગત સત્યાગ્રહ તરીકે જવાહરલાલ નહેરુ
  તૃતીય વ્યક્તિગત સત્યાગ્રહ તરીકે બ્રહ્મ દત્તની નિમણૂંક કરી.

➔ ૧૭મી ઑક્ટોબર ૧૯૪૦ના રોજ વર્ધા નજીક પવનાર ગામે વિનોબાએ યુદ્ધવિરોધી ભાષણ આપીને વ્યક્તિગત સત્યાગ્રહની શરુઆત કરી.

- **ક્રિપ્સ મિશન : (૧૯૪૨)**

➔ યુદ્ધ ભારતીય સરહદ નજીક આવી ગયું હતું. આથી ઈંગ્લેન્ડની સરાકરે 'સર સ્ટેફર્ડ ક્રિપ્સ'ને ભારતના નેતાઓને મનાવી લેવા કેટલીક દરખાસ્તો સાથે ૧૯૪૨માં ભારત મોકલ્યા.

- મહાત્મા ગાંધીએ આ દરખાસ્તોને 'પોસ્ટ ડેટેડ ચેક' સાથે સરખાવી છે.
- એપ્રિલ, ૧૯૪૨માં વડાપ્રધાન ચર્ચિલે આ દરખાસ્તો પાછી ખેંચી લીધી.

- **હિંદ છોડો આંદોલન : (૧૯૪૨)**

➔ ૮ ઓગસ્ટ ૧૯૪૨ના મુંબઈના ગ્વાલિયા ટેક મેદાન (મુક્તિ મેદાન)માં ઠરાવ થયો.

- આ આંદોલનમાં ગાંધીજીએ સૂત્ર આપ્યું : 'કરેંગે યા મરેંગે લેકિન આઝાદી લે કે હિ રહેંગે.'

- **સ્વાતંત્ર્ય-પ્રાપ્તિ તરફ પ્રયાણ :**

➔ જાપાનમાં રહેતા ક્રાંતિકારી રાસબિહારી બોઝે જાપાનમાં ટોકિયો ખાતે 'ઈન્ડિયન ઈન્ડિપેન્ડ્સ લીગ' ની સ્થાપના કરી.

- સુભાષચંદ્ર બોઝે ૧૯૪૩માં સિંગાપુરમાં સ્વતંત્ર ભારતની કામચલાઉ સરકાર (આરઝી હકૂમતે આઝાદ હિંદ)ની સ્થાપના કરી.
- તેમને 'ચલો દિલ્લી'નું સૂત્ર આપ્યું.
- તેમને 'તુમ મુઝે ખૂન દો મેં તુમ્હે આઝાદી દૂંગા' જેવો નારો આપ્યો.
- આઝાદ હિંદ ફોજનું રાષ્ટ્રીય ગીત ટાગોરનું 'જન ગણ મન...' રાષ્ટ્રધ્વજ તરીકે કોંગ્રેસનો તિરંગો અને રાષ્ટ્રભાષા તરીકે હિંદીનો સ્વીકાર કરવામાં આવ્યો.
- આઝાદ હિંદ ફોઝનું વડુમથક સિંગાપુરથી રંગૂન (મ્યાનમાર) ખાતે ખસેડાયું.
- સુભાષચંદ્ર બોઝે બેંગકોક છોડીને વિમાન માર્ગે ટોકિયો જવા નીકળ્યા અને ત્યાં તેમનું મૃત્યુ થયું. (૧૮ ઓગસ્ટ, ૧૯૪૫)

- **વેવેલ યોજના : (૧૯૪૫)**

➔ ૪ જૂન ૧૯૪૫ના રોજ વાઈસરોય વેવેલે એક યોજના પ્રસ્તુત કરી જે મુજબ વાઈસરોયની કારોબારી પરિષદમાં કમાંડર ઈન ચીફ સિવાયના બધા સદસ્ય ભારતીય રહેશે.

- પરંતુ તે નિષ્ફળ ગઈ.

- **નૌકાસેનાનો વિદ્રોહ :**

➔ ફેબ્રુઆરી ૧૯૪૬માં રૉયલ ઈન્ડિયન નૅવીના 'રેટિંગ્જ' તરીકે ઓળખાતા અધિકારી અને સિપાઈઓએ વિદ્રોહ કર્યો.

➔ ૨૫ ફેબ્રુઆરી ૧૯૪૬માં સરદાર પટેલ અને મહંમદ અલી ઝીણાના આહ્વાનથી વિદ્રોહ શાંત થયો.

- **કેબિનેટ મિશન : (૧૯૪૬)**

➔ બ્રિટીશ વડાપ્રધાન એટલીએ ૧૯ ફેબ્રુઆરીના રોજ બંધારણસભાની સ્થાપના અને તત્કાલીન સમસ્યાઓ પર વિચાર-વિમર્શ કરવા માટે કૅબિનેટ મિશન ભારત મોકલવાની ઘોષણા કરી હતી.

➔ કૅબિનેટ મિશન દિલ્લી પહોંચ્યું તેના સદસ્ય (૧) સર સ્ટેફર્ડ ક્રિપ્સ (અધ્યક્ષ) (૨) પૈથિક લોરેન્સ (ભારત સચિવ) (૩)

અનામિકા એકેડેમી

એ.વી. એલેકઝાંડર (નૌસેનામંત્રી)

➜ ૧૩ મે ૧૯૪૬ના દિવસે કેબિનેટ મિશન નીચે મુજબન અહેવાલ આપ્યો :

- એક ભારતીય સંઘની સ્થાપના થશે જો દેશી રજવાડાઓ અને બ્રિટીશ ભારતના રાજયોથી બનેલો હશે. વિદેશી બાબતો રક્ષા અને સંચારવ્યવસ્થા કેન્દ્રિય સરકારને હસ્તક રહેશે.

● ***વચગાળાની સરકાર :***

➜ ૨૪ ઓગસ્ટ, ૧૯૪૬ના રોજ પંડિત જવાહરલાલ નહેરુની અધ્યક્ષતામાં ભારતની પ્રથમ વચગાળાની સરકાર અસ્તિત્વમાં આવી.

➜ ૧૬ ઓગસ્ટ 'પ્રત્યક્ષ કાર્યવાહી દિવસ' તરીકે મનાવાયો.

➜ ૯ ડિસેમ્બર, ૧૯૪૬ બંધારણ સભાની પ્રથમ બેઠક મળી જેને મુસ્લિમ લીગે બહિષ્કાર કર્યો.

● ***એટલીની ઘોષણા :***

➜ બ્રિટનના વડાપ્રધાન લોર્ડ ક્લેમેન્ટ એટલીએ ૨૦ ફેબ્રુઆરી, ૧૯૪૭ના રોજ ઐતિહાસિક ઘોષણા કરી કે અંગ્રેજ સત્તા જૂન ૧૯૪૮ પહેલાં જવાબદાર લોકોને સત્તા સોંપીને ભારત છોડી દેશે.

➜ એટલીએ વેવેલને સ્થાને લોર્ડ માઉન્ટબેટનની ભારતના વાઈસરોય તરીકે નિયુક્તિ કરી.

● ***માઉન્ટ બેટનની યોજના : (૧૯૪૭)***

➜ ભારતના ૩૪મા તથા છેલ્લા બ્રિટીશ ગવર્નર જનરલ લોર્ડ માઉન્ટ બેટન.

- ૩ જુન, ૧૯૪૭ના દિવસે માઉન્ટ યોજના પ્રસ્તુત કરી.

- ૧૪ ઓગસ્ટ, ૧૯૪૭ના દિવસે પાકિસ્તાન આઝાદ થયું.

➜ મહંમદ અલી ઝીણા પાકિસ્તાનના ગવર્નર જનરલ અને લિયાકત અલીખાન પાકિસ્તાનના વડાપ્રધાન બન્યા.

➜ ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ ભારત આઝાદ થયું અને માઉન્ટ બેટન ભારતના ગવર્નર જનરલ અને જવાહરલાલ નહેરુ વડાપ્રધાન બન્યા.

- નહેરુ અને સરદાર પટેલે આ યોજનાનો સ્વીકાર કર્યો અને ગાંધીજીએ તેમના છેલ્લા શ્વાસ સુધી આ યોજનાનો ઈન્કાર કર્યો.

● ***ભારતીય સ્વતંત્રતા અધિનિયમ : (૧૯૪૭)***

➜ માઉન્ટ બેટનની ૩ જૂન યોજનાના આધારે બ્રિટીશ સંસદે ૧૮ જુલાઈ, ૧૯૪૭ના રોજ ભારતીય સ્વતંત્રતા અધિનિયમ ૧૯૪૭ને પસાર કર્યો.

➜ તેની જોગવાઈ અનુસાર ભારતને ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ સ્વતંત્રતા મળી.

➜ અંગ્રેજોની ૨૦૦ વર્ષની સત્તાનો અંત આવ્યો.

➜ ભારતના પ્રથમ વડાપ્રધાન 'જવાહરલાલ નહેરુ' બન્યા.

➜ ૧૪ ઓગસ્ટ ૧૯૪૭ પાકિસ્તાન સ્વતંત્ર થયું.

➜ જેના ગવર્નર 'મહંમદ અલી ઝીણા', વડાપ્રધાન 'લિયાકત અલીખાન' બન્યા.

અનામિકા એકેડેમી